સુખી માણસનું ખમીસ

મેરિએલા બર્ટેલી

ચિત્ર: લાઝલો ગાલ

સુખી માણસનું ખમીસ

મેરિએલા બર્ટેલી

ચિત્ર: લાઝલો ગાલ



એક બહુ શક્તિશાળી રાજા હતો. એની પાસે સોનું, મહેલો, બધું જ હતું. એનો એક દીકરો પણ હતો, જેને એ ખુબ પ્રેમ કરતો હતો - એ કહેતો હતો કે દીકરો એની આંખોનો તારો હતો. પણ આ આશીર્વાદો હોવા છતાં, રાજાની ખુશી અધૂરી હતી, કારણકે એના દીકરાની તબિયત સારી રહેતી ન હતી.

હકીકતમાં, એનો દીકરો હંમેશા ઉદાસ રહેતો હતો, અને રોજ એના ઝરૂખામાંથી ઉદાસ નયનોથી બહાર જોતો રહેતો હતો. કોઈ એને ખુશ કરી શકતું ન હતું. રાજાએ એને વિચલિત કરવા દરબારી સંગીતકારોને બોલાવીને, રમતનું આયોજન કરીને, અને બગીચામાં લાંબી સહેલ કરીને - જ્યાં એમણે ખુશીની ઘણી પળો વિતાવી હતી - એનું ધ્યાન બીજે દોરવા કોશિશ કરી. પણ એની બધી કોશિશ નિષ્ફળ ગઈ, અને રાજકુમાર દિવસે-ને-દિવસે નિસ્તેજ થતો ગયો.

અંતે, રાજાએ રાજ્યના સૌથી બુધ્ધિમાન ડોકટરો, દાર્શનિકો અને પ્રોફેસરોને બોલાવ્યા. એમાંથી ત્રણ બુધ્ધિમાન વ્યક્તિ એની સાથે મસલત કરવા અને સલાહ આપવા આવ્યા.

એમાંથી પહેલી વ્યક્તિએ કહ્યું: "મારા મંતવ્ય પ્રમાણે જો એને ઠીક નથી, તો એ જરૂર બીમાર છે."

"નહીં, નહીં," બીજી વ્યક્તિએ અસહમતી દર્શાવી. "જો એ બીમાર નથી, તો એને જરૂર સારું છે." અને એ દલીલ કરવા લાગ્યા.

ત્રીજા ડોકટરે, જે સૌથી બુધ્ધિમાન સાબિત થયો, કહ્યું, "મહારાજ, તમારો દીકરો ગંભીર રીતે બીમાર છે. પણ સૌભાગ્યથી, એનો ઈલાજ છે. તમારે કોઈ સુખી માણસનું ખમીસ શોધીને તમારા દીકરાને પહેરાવવું જોઈએ. એક સુખી માણસનું ખમીસ રાજકુમારને સારો કરી દેશે. પણ એ વ્યક્તિ ખરેખર સુખી હોવો જોઈએ, નહીં તો ઈલાજ કામ નહીં કરે."

રાજાએ એ માણસના અભિપ્રાય પર ભરોસો કર્યો, અને ડોકટરને એની સલાહ માટે સોનાની એક થેલી ભેટ આપી.

રાજાએ ડોકટરની સલાહ પર તરત અમલ કર્યો, કારણકે એને ભરોસો હતો કે એના વિશાળ રાજ્યમાં ઓછામાં ઓછો એક સુખી માણસ તો જરૂર હશે. સંદેશવાહકોએ જઈને રાજાની ઘોષણા સંભળાવી, જેમાં બધા સુખી લોકોને જેમ બને એમ જલ્દી મહેલમાં નોંધણી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

આગલા થોડા દિવસોમાં, જે લોકો પોતાને સુખી ગણતા હતા, એ મહેલમાં આવવા લાગ્યા.

સૌથી પહેલા એક સૈનિક આવ્યો. ઝડપથી કૂચ કરતો એ રૂમમાં પ્રવેશ્યો અને કહ્યું, "મહારાજ, હું તમારી સેનામાં સુખી છું. મને કોઈ વસ્તુની ખોટ નથી."

રાજાએ સૈનિકના સુખની પરીક્ષા લેવાનો ફેંસલો કર્યો.

"શું તું સેનાપતિ બનવા ચાહીશ?"

"ના, ના. એ બહુ જવાબદારીનું કામ છે," સૈનિકે જવાબ આપ્યો.

રાજાએ આગળ કહ્યું, "હું તને મારી બધી સેનાઓનો સેનાપતિ બનાવીશ, અને આખા રાજ્યમાં તારા સિવાય કોઇ પાસે આટલી સત્તા નહીં હોય - મારા, એટલે કે તારા રાજા સિવાય."

સૈનિકે એક પળ વિચાર્યું. "શું હું એ રસોઇયાને પણ આદેશ આપી શકીશ, જે અમારા માટે આટલું ખરાબ ભોજન બનાવે છે?"

"હા. જો તું સેનાપતિ બનીશ, તો તું એને નોકરીમાંથી કાઢી શકીશ."

"ઠીક છે. હા, તો હું જરૂર સેનાપતિ બનવા ચાહીશ," સૈનિકે ફેંસલો કર્યો.

"તો તું સાચે સુખી નથી. તું અહીંથી જા!" અને આ શબ્દો સાથે રાજાએ સૈનિકને કાઢી મુક્યો.



બીજી વ્યક્તિ આવી, એ એક દરજણ હતી. એ ખુશીથી ગાતા-ગાતા મહેલમાં દાખલ થઇ. રાજાએ વિચાર્યું કે એ એના સુખની પરીક્ષા કેવી રીતે કરે. પહેલા રાજાએ એને સોનું આપવાનો પ્રયાસ કર્યો, પણ દરજણે ના પાડી દીધી. એણે કહ્યું કે દરજણ તરીકે એના કૌશલથી એણે ઘણા પૈસા કમાઇ લીધા હતા, કારણકે ઘણા ગ્રાહક ચાહતા હતા કે એ એને માટે સુંદર કપડાં સીવે. એ પછી રાજાએ એને પોતાના નિજી શાહી સંગ્રહમાંથી તાજના ઝવેરાત ભેટમાં આપવાનો પ્રસ્તાવ કર્યો. એણે સંકેત આપ્યો કે જો એ એને પહેરી લેશે, તો પછી એ રાજ્યની સૌથી સુંદર મહિલા બની જશે. રાજ્યની સૌથી સુંદર મહિલા બનવાના વિચારે દરજણને મોહિત કરી દીધી, અને એણે કહ્યું, "હા, હા. તમે મને રત્નો આપો."

રત્નો સ્વીકાર કરીને, દરજણે રાજાને એ સાબિત કરી દીધું કે હકીકતમાં એ સુખી ન હતી. અંતે એ પાછી ફરી, પણ આવી હતી એનાથી ઓછા આનંદથી.

રાજાની સામે આવવાવાળી ત્રીજી વ્યક્તિ એક મઠવાસી હતો. એ એની ખુશી સાબિત કરવા માટે એના મઠથી મહેલ સુધી ઘણી લાંબી યાત્રા કરીને આવ્યો હતો. એણે જણાવ્યું કે એના ખુશીના દિવસો વાંચવામાં, પ્રાર્થના કરવામાં અને મઠના બગીચામાં કામ કરવામાં વીતતા હતા. રાજાએ વિચાર્યું, "એ સંતુષ્ટ લાગી રહ્યો છે, પણ મારે એની પરીક્ષા લેવી જોઈએ." રાજાએ પૂછ્યું, "શું એ અદ્‌ભૂત નહીં હોય કે તારું પોતાનું ચર્ચ હોય?"

"નહીં, મારા મઠની પાસે આવેલું ચર્ચ બહુ ભવ્ય છે, અને મને ત્યાં પ્રાર્થના કરવાથી બહુ સંતોષ થાય છે."

"તો શું તું મારો મુગટ પહેરીને થોડીવાર માટે રાજા બનવાનું ચાહીશ?"

મઠવાસીએ રુચિ તો બતાવી, પણ વિચાર કર્યા પછી ના પાડી દીધી.

રાજાએ ફરી પૂછ્યું, "તું વિદ્વાન છે, ખરુંને?"

"હા, ખરેખર," મઠવાસીએ ઉત્તર આપ્યો, "પુસ્તકો મને આ દુનિયા અને પરલોક વિષે સમજવામાં મદદ કરે છે."

"શું તેં શાહી પુસ્તકાલય જોયું છે?" રાજાએ પૂછ્યું. "એમાં મુલાયમ ચામડાના આવરણવાળા, ઇન્દ્રધનુષના બધા રંગોના શાનદાર પુસ્તકોની હાર લાગેલી છે. ત્યાં ઘણી ભાષાઓમાં લખેલા પુસ્તકો છે, દરેક વસ્તુ વિષે પુસ્તકો. તું જ્યાં સુધી ચાહે ત્યાં સુધી મારા પુસ્તકાલયમાં રહી શકે છે અને એ પુસ્તકોને વાંચી શકે છે. શું તું એવું કરવા ચાહીશ?"

પુસ્તકોની સુંદરતા વિષે સાંભળીને, મઠવાસીએ રાજાનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. પણ એવું કરીને એણે દેખાડી દીધું કે એના સાધારણ જીવનની ખુશીઓ પણ પૂરી થઇ ન હતી. રાજાએ એને ઉદાસ થઈને વિદાય કર્યો, કારણકે એક સુખી અને સંતુષ્ટ વ્યક્તિ શોધવાનું બહુ મુશ્કેલ સાબિત થઈ રહ્યું હતું. દરમ્યાન, રાજકુમાર ધીરે-ધીરે મરી રહ્યો હતો.

એના પછી એક વૃધ્ધા આવી જેની દીકરીએ એને રાજાની ઘોષણા વિષે જણાવ્યું હતું, કારણકે વૃધ્ધા બરાબર સાંભળી શકતી ન હતી. એણે એક લાંબુ અને ઉપયોગી જીવન જીવ્યું હતું. એને દસ બાળકો, વીસ પૌત્રો-પૌત્રીઓ અને ત્રીસ પ્રપૌત્રો-પ્રપૌત્રીઓ હતા. એ બધા એને બહુ પ્રેમ કરતા હતા અને ઘણીવાર એને મળવા આવતા હતા. રાજા એ માનવા ચાહતો હતો કે એ સુખી છે, પણ એ એને પરખવા ચાહતો હતો.

"માડી," એણે વિનમ્રતાથી કહ્યું, "તમને તમારો પોતાનો મહેલ હોય તો કેવું લાગશે?"

"શું? એક મહેલ?" એ હસી. "મારે માટે ત્યાં સફાઈકામ, ઝાડુ-પોછા કરવાનું, અને ધૂળ ખંખેરવાનું કામ બહુ વધારે થશે. મેં મારી આખી જીંદગી એ જ કામ કર્યા છે. હું હવે ઘરકામ કરવા નથી ચાહતી."

"જો તમારા પૌત્ર-પૌત્રીઓ માટે થોડું સોનું આપું તો તમને કેવું લાગશે?"

"અરે નહીં, એની જરૂર નથી. ભગવાનની મહેરબાની છે, એ બધા સમૃધ્ધ છે અને એને એની કોઈ જરૂરત નથી."

"તો ઠીક છે," રાજાએ ઊંચા અવાજમાં અને સાફ શબ્દોમાં કહ્યું, "જુઓ, તમે સરખી રીતે સાંભળી શકતા નથી. શું તમને મારા સૌથી સારા ડોકટરોમાંથી એક ને દેખાડવું છે? એ તમને ફરી સાંભળવામાં મદદ કરી શકશે."

"શું? શબ્દો? કાનાફૂસી? ગાયનો? ઓહ, એ તો બહુ સારું થશે. એનાથી મને ફરીથી એક યુવાન છોકરી જેવો એહસાસ થશે."

અને જયારે વૃધ્ધા રાજાના ડોક્ટર પાસેથી પોતાની શ્રવણશક્તિ પાછી મેળવવા માટે રાજી થઇ, તો રાજાને એહસાસ થયો કે વૃધ્ધા પણ ખરેખર સુખી કે સંતુષ્ટ ન હતી.



જયારે વૃધ્ધા દરબારમાંથી જતી રહી, તો રાજા નિરાશામાં ડૂબી ગયો. એણે એના રાજ્યમાં એક સાચી સુખી વ્યક્તિની શોધ કરવા માટે એક લાંબી યાત્રા કરવાનો ફેંસલો કર્યો. એ દરબારીઓના એક સમૂહ સાથે નીકળી પડયો અને ઘણા અઠવાડિયા માટે યાત્રા કરતો રહ્યો.

એક દિવસ જયારે રાજાએ આશા લગભગ છોડી દીધી હતી, ત્યારે એના દરબારી ઘોડાને પાણી પીવડાવવા માટે થોભ્યા. ઊંડા વિચારમાં ડૂબેલો રાજા ઝરણાંથી દૂર ભટકીને એક ખેડૂત પાસે પહોંચ્યો જે એના દ્રાક્ષના બગીચામાં કામ કરી રહ્યો હતો. વસંત ઋતુ હતી અને ખેડૂત એના દ્રાક્ષના વેલાની કાપ-કૂપ કરી રહ્યો હતો.



"ભાઇ, તું શું કરી રહ્યો છે?" રાજાએ પૂછ્યું.

"હું મારા વેલાની કાપ-કૂપ કરી રહ્યો છું જેનાથી આ વર્ષે દ્રાક્ષ સારી રીતે ઉગે," ખેડૂતે ઉત્તર આપ્યો.

"શું તું સુખી છે? શું તારે અહીં બહુ મહેનત કરવી પડે છે?"

"ઓહ, મને કોઇ વાંધો નથી," એ માણસે ઉત્તર આપ્યો. "હું થોડુંક કામ કરું છું અને બાકીનું કામ સૂરજ કરી દેય છે. આખો દિવસ ખુલ્લી હવામાં રહું છું અને જમીન મને ભોજન અને જે કંઇ પણ જોઇએ એ આપે છે."

"શું તને ખાતરી છે?" રાજાએ પૂછ્યું. "જો હું તને સોનું ભરેલી થેલી આપું, તો પછી તારે કામ કરવું નહીં પડે."

"અરે નહીં," એ માણસે કહ્યું, "જો હું સોનું જમીનમાં વાવું, તો એ ક્યારેય ઉગશે નહીં."

"કદાચ હું તને મારું અડધું રાજ્ય સોંપી દઉં," રાજાએ પ્રસ્તાવ મૂક્યો.

"પણ મહારાજ, હું વૃધ્ધ થઇ ગયો છું, મારે કોઇ પુત્રો નથી જે મારી મદદ કરી શકે. એટલી જમીનની દેખભાળ કરવાનું બહુ મુશ્કેલ થશે. નહીં. મને લાગે છે કે હું અહીં રહેવાનું જ પસંદ કરીશ."

રાજા ખુશ થયો, કારણકે એ માણસ એની પરીક્ષામાં સફળ થયો હતો. એને પૂરો વિશ્વાસ હતો કે ખેડૂત સાચે સુખી અને સંતુષ્ટ હતો. એણે એના દળના બાકી લોકોને બોલાવ્યા અને ચીસ પાડીને કહ્યું: "મારો દીકરો બચી ગયો! મારો દીકરો બચી ગયો!" આખરે એને એ માણસ મળી ગયો હતો જેનું સુખ એના દીકરાનું સ્વાસ્થ્ય પાછું લાવી શકતું હતું.

ખેડૂત તરફ ફરીને એણે કહ્યું કે, જો ખેડૂત રાજાને એનું ખમીસ આપી દે, તો એનો દીકરો ફરી સાજો થઇ જશે. પણ ખેડૂતે ઉદાસ થઈને એનું માથું ધુણાવ્યું અને કહ્યું, "હું રાજકુમાર માટે મારુ ખમીસ ખુશીથી આપી દેત. પણ તમે જુઓ છો એમ, મારી પાસે આપવા માટે કોઈ ખમીસ નથી." આ શબ્દો સાથે, એણે એના જાકીટના બટન ખોલ્યા. ખરેખર સુખી માણસ એટલો ગરીબ હતો કે એની પાસે કોઈ ખમીસ ન હતું.